NIPUN BHARAT

શિક્ષણનો અધિકાર
સમગ્ર શિક્ષા
સૌ ભણે, સૌ આગળ વધે

# ૧

# નમ નમ



ગ મ ન જ ા

જગન અને મગન દરરોજ સવારે વહેલા ઊઠે છે. નાહી ધોઈ તૈયાર થઈ ઘર બહાર આવે છે. જગન અને મગન સૂરજદાદાને નમન કરે છે.


જગન નમ.
મગન નમ.

જગન અને મગનના મિત્રો નમન અને મનન છે. તેઓ પણ રોજ સવારે વહેલા ઊઠે છે, માતા-પિતાને નમન કરે છે.

મનન નમ.

નમન નમ.



આજે જમન મામાના ગામ આવ્યો છે.

મામાના ઘરમાં જમન જમવા બેઠો છે. મામી જમનને જમવાનું આપે છે. મામી જમનને પીરસે છે અને જમવા આગ્રહ કરે છે. મામી જમનને કહે છે : 'જે જોઈએ તે માગ આજે તારા મામા શહેર જવાના છે.'

જમન કહે છે : મારે કંઈ મંગાવવું નથી. મને મારા મિત્રો ગમન, નમન અને મનનની બહુ યાદ આવે છે.

જમન જમ.
જમન મગ જમ.



| | | | | | |
|---|---|---|---|---|---|
| નમ | - | નામ | મન | - | માન |
| ગમ | - | ગામ | જન | - | જાન |
| ગજ | - | ગાજ | જમ | - | જામ |
| મગ | - | માગ | જગ | - | જાગ |

| | |
|---|---|
| મગજ | ગગન |
| નમન | મનન |
| ગમન | જમના |
| મગન | નમાજ |

| | |
|---|---|
| મગન જાગ. | ગગન ગામ જા. |
| ગગન જાગ. | નમન ગામ જા. |
| જમના જાગ. | જમના ગામ જા. |

| | | |
|---|---|---|
| ગમન | ગગન | નાગ |
| મગન | ગામ | નામ |
| નમન | માગ | મામા |

શિક્ષણનો અધિકાર
સમગ્ર શિક્ષા
સૌ ભણે, સૌ આગળ વધે

ગુજરાત શૈક્ષણિક સંશોધન અને
તાલીમ પરિષદ, ગાંધીનગર

આ સામગ્રી નિપુણ ભારત મિશન અંતર્ગત
સમગ્ર શિક્ષા, ગાંધીનગર દ્વારા
શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪માં વિનામૂલ્યે આપવામાં આવેલ છે.

NIPUN BHARAT

શિક્ષણનો અધિકાર
સમગ્ર શિક્ષા
સૌ ભણે, સૌ આગળ વધે

# ૨

# વરસે વરસાદ



વ ર સ દ ે

આકાશમાં કાળાં કાળાં વાદળો ઘેરાયાં અને વાહ ! ભાઈ વાહ ! આજે તો વરસાદ પડયો. ઝરમર ઝરમર વરસાદ વરસ્યો. આખી ધરતી જાણે આનંદમાં ઝૂમી ઊઠી.

વરસ વરસ.

વરસાદ વરસ.

સર સર સર સર વરસાદ વરસ.



ઘરમાં નરેન જમવા બેઠો છે. થાળીમાં વાડકી છે. વાડકીમાં રસ પીરસ્યો છે. નરેન ચમચી વડે રસ પી રહ્યો છે. મમ્મી કહે છે ''વરસાદ પડી ગયો. હવે પછી રસ નહિ બને. આજે જેટલો રસ પીવો હોય એટલો રસ પી લે.''

નરેન કહે છે : ''હા મમ્મી, પણ હવે કાલે તો મારે મામાને ગામ જવાનું છે ને?''

રસ રસ.

સરસ રસ.

નરેન રસ જમ.



મામાનું ગામ ખૂબ સરસ છે. એટલે નરેનને મામાના ગામ જવું ખૂબ ગમે છે. માથા પર છત્રી ઓઢીને નરેન એના મિત્ર સુરેશ સાથે મામાના ગામ જવા નીકળે છે. રસ્તામાં વરસાદ વરસે છે. સુરેશે રેઈનકોટ પહેરી લીધો છે.

નરેન મામાના ગામ જા.

સરસ ગામ જા.



| | | | | | |
|---|---|---|---|---|---|
| સાગ | રામ | સાવ | મગ | - | મગન |
| નાગ | દામ | રાવ | જગ | - | જગન |
| માગ | નામ | નાવ | નમ | - | નમન |
| જાગ | ગામ | જાવ | મગ | - | મગર |
| રાગ | જામ | વાવ | વર | - | વરસ |

| | | | |
|---|---|---|---|
| જમે | મેજ | રેસ | સેર |
| દવે | વેદ | દેવ | દેવા |
| વસે | સેવ | સેવ | સેવા |
| દેવ | વેદ | રેસ | રેસા |

| | |
|---|---|
| મારા દાદા. | વેદને રસ ગમે. |
| સારા દાદા. | વેદ રસ જમે. |
| મારા રાજા. | દેવને સેવ ગમે. |
| નાના રાજા. | દેવ સેવ જમે. |
| સારા રાજા. | મેના રાસ રમે. |

| | | |
|---|---|---|
| વરસ | સરસ | જમ |
| વરસાદ | નરેન | મામા |
| સરસર | રસ | ગામ |


શિક્ષણનો અધિકાર
સમગ્ર શિક્ષા
સૌ ભણે, સૌ આગળ વધે

ગુજરાત શૈક્ષણિક સંશોધન અને
તાલીમ પરિષદ, ગાંધીનગર

આ સામગ્રી નિપુણ ભારત મિશન અંતર્ગત
સમગ્ર શિક્ષા, ગાંધીનગર દ્વારા
શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪માં વિનામૂલ્યે આપવામાં આવેલ છે.

NIPUN BHARAT

શિક્ષણનો અધિકાર

સમગ્ર શિક્ષા

સૌ ભણે, સૌ આગળ વધે

3

# સાદ કર



ક બ અ છ આ એ

શાળાનાં સૌ બાળકો આજે ઉજાણી પર આવ્યાં છે. ખુલ્લા મેદાનમાં સૌ ભેગાં થયાં છે. છોકરીઓનું એક ટોળું રાસ રમે છે. રમા દૂર ઊભી છે. એની બહેનપણી મીરાંએ એને બૂમ પાડી : રમા આવ, રાસ રમ''.

રમા આવ.

રાસ રમ.



મેદાનની બાજુની ટેકરી પાસે છોકરાઓ ઊભા છે. તેઓ બૂમ પાડે છે. તેનો પડઘો પડે છે. તે સાંભળવાની સૌને મજા પડે છે. બાળક એકબીજાને સાદ પાડવા કહે છે. ‘‘સાદ કર, નાદ કર.’’

સાદ કર.

નાદ કર.



મેદાનમાં કેટલાંક છોકરા-છોકરી ગોળાકારે બેસી અંતાક્ષરી રમી રહ્યાં છે. વેદ અને દેવને ગાવા માટે એના મિત્રો આગ્રહ કરે છે. વેદ ગા, દેવ ગા.

ગાન કર, ગાન કર.

બંને મિત્રો ઊભા થઈને ગીત ગાય છે.

‘‘પછી શામળિયાજી બોલિયા તને સાંભરે રે...’’

વેદ ગા, દેવ ગા.

ગાન કર, ગાન કર.



| | | | |
|---|---|---|---|
| કામ | કાર | નાગ | બાગ |
| આમ | આર | રાજ | બાજ |
| બામ | બાર | નામ | ગામ |
| નામ | નાર | વાસ | રાસ |
| જામ | જાર | વાવ | દાવ |

| | | | |
|---|---|---|---|
| સાગર | સવાર | અજગર | દરવાન |
| સારસ | બદામ | કસરત | વરસાદ |
| જાજમ | બજાર | સબરસ | દરબાર |
| બાવન | અનાજ | સરકાર | ગજરાજ |
| આરસ | અવાજ | | |

| | |
|---|---|
| રમ - રમે છે. | આ બા છે. |
| જમ - જમે છે. | બા કામ કરે છે. |
| કર - કરે છે. | આ બેન છે. |
| બેસ - બેસે છે. | બેન રમે છે. |
| આવ - આવે છે. | આ મામા છે. |
| નમ - નમે છે. | મામા જમે છે. |

| | | |
|---|---|---|
| રમા | સાદ | દેવ |
| આવ | નાદ | ગાન |
| રાસ | વેદ | કર |

શિક્ષણનો અધિકાર
સમગ્ર શિક્ષા
સૌ ભણે, સૌ આગળ વધે

ગુજરાત શૈક્ષણિક સંશોધન અને
તાલીમ પરિષદ, ગાંધીનગર

આ સામગ્રી નિપુણ ભારત મિશન અંતર્ગત
સમગ્ર શિક્ષા, ગાંધીનગર દ્વારા
શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪માં વિનામૂલ્યે આપવામાં આવેલ છે.

NIPUN BHARAT

શિક્ષણનો અધિકાર
સમગ્ર શિક્ષા
સૌ ભણે, સૌ આગળ વધે

# ૪

# પીપ પીપ પીપ પીપ પમ પમ



પ ડ ત ણ ઇ ઈ િ ી

મીના અને તેનો ભાઈ મેળામાં ફરી આવ્યાં.
ભાઈ મેળામાંથી પિપૂડી લાવ્યો.
પિપૂડી વાગે પમ પમ.
મીના પિપૂડીના પમ પમ સાથે છમ છમ નાચવા લાગી.

એટલામાં ત્યાં દાદીમા આવી ચડ્યાં. મીનાને નાચતી જોઈ કહે : ‘અરે આવું નાચમનાચ કરે છે. ભણવા બેસ. કંઈ વાંચ, કંઈ લખ.

પીપ પીપ પીપ પીપ પમ પમ.
કરે મીના છમ છમ.

છમ છમ ના કર,
દાદી જણાવે : મીના ભણ.



મીના કહે : અરે પણ આ તડતડ અવાજ શેનો આવે છે ?

ભાઈ કહે : અરે મીનાબેન, એ તો આપણી છત પર કાબરો ચાલતી લાગે છે.

ચાલ, હમણાં જ એમને ઉડાડી દઉં.

તડાક તડ તડ અવાજ આવે,
છતના પતરે કાબર આવે...



દાદીમા એને રોકતાં કહે છે.

અરે ! કાબરને ઉડાડતો નહીં.

આવા તડકામાં એ જશે ક્યાં ?

લે, એમને આ ચણ નાખ.

ભાઈ કાબરોને ચણ નાંખે છે.

આવ આવ, કાબર આવ.



| | | | | | |
|---|---|---|---|---|---|
| કણ | પડ | તર | કાપ | વાત | વાવ |
| રણ | રડ | દર | માપ | સાત | આવ |
| ગણ | અડ | ડર | આપ | રાત | દાવ |
| વણ | તડ | વર | છાપ | નાત | તાવ |
| ચણ | વડ | નર | સાપ | જાત | નાવ |

| | | | | |
|---|---|---|---|---|
| પાકી | કાણી | વાડી | વિમાન | બાજરી |
| વાપી | વાણી | પાડી | વિકાસ | છાબડી |
| છાપી | રાણી | સાડી | કિસાન | કાકડી |
| તાપી | પાણી | નાડી | રિવાજ | નાવડી |
| આપી | છાણી | તાડી | | |

આ નદી છે.
નદીમાં પાણી છે.
નદી અમને ગમે છે.

આ રેતી છે.
રેતીમાં અમે રમીએ છીએ.
રેતી અમને ગમે છે.

| | | |
|---|---|---|
| પીપ | દાદી | કાબર |
| નાચે | જણાવે | છત |
| મીના | અવાજ | ચણ |


શિક્ષણનો અધિકાર
સમગ્ર શિક્ષા
સૌ ભણે, સૌ આગળ વધે

ગુજરાત શૈક્ષણિક સંશોધન અને
તાલીમ પરિષદ, ગાંધીનગર

આ સામગ્રી નિપુણ ભારત મિશન અંતર્ગત
સમગ્ર શિક્ષા, ગાંધીનગર દ્વારા
શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪માં વિનામૂલ્યે આપવામાં આવેલ છે.

NIPUN BHARAT

શિક્ષણનો અધિકાર

સમગ્ર શિક્ષા

સૌ ભણે, સૌ આગળ વધે

# ૫

# વૈદજીની દવા



લ ટ ચ ખ ૈ ઐ

છબીલ છબ છબ કરે,
નરેન છબ છબ કરે,
છાલક છાલક રમે.

નાક લાલ લાલ છે.
છબીલ બીમાર છે.
જેમ તાવ ચડે,
તેમ છબીલ રડે.



બાપા એ પણ જાણે,
પીડા ચડે આ ટાણે.
બાપા વહેલા ચાલે,
વૈદજીને તેડી લાવે.

વૈદજી નાડી પકડે,
છબીલના લલાટે અડકે.
બીમારીનો ઈલાજ આ,
લે મારી દવા ખા.



બારણે ચકલી આવે છે.
કૈવલને ચકલી ગમે છે.
ચકલી આવ, દાણા ચણ.
ચકલી દાણા ચણે છે.

ખેતરમાં કાબર આવે છે.
કૈલાસને કાબર ગમે છે.
કાબર આવ, દાણા ચણ.
કાબર દાણા ચણે છે.

| | | | | |
|---|---|---|---|---|
| ઢાલ | વાટ | ચાર | ચીજ | વૈરાગ |
| છાલ | પાટ | ચાસ | ચીસ | વૈતાલ |
| વાલ | ચાટ | ચાલ | વૈદ | જૈવિક |
| ગાલ | રાખ | ખાટલી | પૈસા | દૈનિક |
| લાલ | ખાખ | માટલી | જૈન | સૈનિક |

| | | |
|---|---|---|
| ખા | ઈલાજ | ચડે |
| છબ-છબ | બીમારી | ટાણે |
| છાલક | દવા | વૈદ |

શિક્ષણનો અધિકાર
સમગ્ર શિક્ષા
સૌ ભણે, સૌ આગળ વધે

ગુજરાત શૈક્ષણિક સંશોધન અને
તાલીમ પરિષદ, ગાંધીનગર

આ સામગ્રી નિપુણ ભારત મિશન અંતર્ગત
સમગ્ર શિક્ષા, ગાંધીનગર દ્વારા
શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪માં વિનામૂલ્યે આપવામાં આવેલ છે.

શિક્ષણનો અધિકાર
સમગ્ર શિક્ષા
સૌ ભણે, સૌ આગળ વધે

# ૬

# ચાલ જઈએ.



ઝ હ ઘ ળ ઉ ઊ ૭ ૯

બહેન ભાઈને સાથે ફરવા માટે બોલાવે છે.
‘‘ચાલ ભાઈ હરેન, બહાર ફરવા ચાલ,
બહાર આવ, ઝટપટ આવ.’’

હરેન અહીં આવ, ઝટઝટ આવ.
હરેન બહાર ચાલ, ઝટપટ ચાલ.



ફરતાં ફરતાં ભાઈબહેન નદીકાંઠે આવે છે. વહેતી નદીનું ખળખળ પાણી ભાઈ બહેનને બતાવે છે. ‘‘આ છે વહેતું પાણી, ખળ ખળ વહેતું પાણી.’’

આ છે પાણી,

ખળ ખળ વહેતું પાણી.



નદીકાંઠે કૂણું ઘાસ ચરતાં કૂદકા મારતાં હરણ જોઈને ભાઈબહેન ખુશ ખુશ થઈ જાય છે.

હરણ કૂદકા મારે છે,
કૂણું ઘાસ ચરે છે.



ફરીને પરત આવેલાં ભાઈબહેન ઘરની અગાસી પર ચઢે છે. ભાઈ ઉપર અગાશીમાં પહોંચી ગયો છે અને ત્યાંથી બહેનને બોલાવે છે.

બહેનના હાથમાં ચણાનું પડીકું છે, તે લઈને બહેન પગથિયાં ચડે છે.

બહેન ઉપર આવ,
બહેન ચણા લાવ.



ઉપર આકાશમાં રાત્રીના તારા ઝગમગે છે. ભાઈબહેન આકાશમાં ઝબૂકતા તારાઓ જોતાં અગાશીમાં ઊભાં છે.

આ છે આભના તારા,
ઝગમગ ઝગમગ તારા.



| | | | | |
|---|---|---|---|---|
| નળ | ઘડપણ | દૈનિક | ગુલાબ | ગુલાબી |
| બળદ | ખેતર | ઘુવડ | પૂનમ | નકુલ |
| હેત | ઉજાણી | ઊન | હાજર | હાજરી |
| ખુમારી | ચારણ | ઝરણું | સૂતર | જુવાર |
| | | અમૂલ | રાહુલ | |

---

કાળુ કાગળ લખે છે.
કાળુ મામાને કાગળ લખે છે.

મારે આબુ જવું છે.
મારે ઘર ઘર રમવું છે.

વરસાદ પડે છે.
વરસાદ ઝરમર ઝરમર પડે છે.

| | |
|---|---|
| બહેન | હરેન |
| ઉપર | કૂદકા |
| ઘાસ | ઝળહળ |


શિક્ષણનો અધિકાર
સમગ્ર શિક્ષા
સૌ ભણે, સૌ આગળ વધે

1962 - 2012
ગુજરાત શૈક્ષણિક સંશોધન અને
તાલીમ પરિષદ, ગાંધીનગર

આ સામગ્રી નિપુણ ભારત મિશન અંતર્ગત
સમગ્ર શિક્ષા, ગાંધીનગર દ્વારા
શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪માં વિનામૂલ્યે આપવામાં આવેલ છે.

NIPUN BHARAT
શિક્ષણનો અધિકાર
સમગ્ર શિક્ષા
સૌ ભણે, સૌ આગળ વધે

૭

# ધનાભાઈ



ભ ય ધ ફ ો ૌ

ધનાભાઈ આળસુ હતા.

કોઈક ને કોઈક ના ઘરે પહોંચી જાય, જમવા ટાણે પહોંચી જાય...
એકવાર કોઈક ના ઘરે ગયા.

બધા એની પર નારાજ થયા. સૌ કહે, ધનાને ખાવા ન આપો...

ખાધા વિનાના ધનાભાઈ.. આમ તેમ ફરતા હતા...

ધનાભાઈ સમજી ગયા, કામ કરીને જ ખવાય...

લાવ, કોઈ કામ કરીએ.
ધનાભાઈએ કરી હાથલારી... ફળો વેચે સાદ પાડી...

ધનાભાઈ રાજી, ગામ રાજી.
એક વાત સૌને સમજાય, કામ કરે એનું ગૌરવ થાય.

ધનાભાઈ કહે બધાને...
આળસ તો ના કરીએ કદી, મહેનત કરવાની આ સદી...



| | | |
|---|---|---|
| રાધા | યતિ | અભય |
| ફોરમ | ચાચક | ધજા |
| મૌનસ | વીણા | ભૂલ |
| ગૌરવ | ભૈરવ | ફૂલ |

મૈયા ગાય દોહે છે.

ભોજન તૈયાર થાય છે.

કૌશિકને દૂધ ભાવે છે.

ફોરમ દોડતી આવે છે.

મૌલિક રોટલો ખાય છે.

| | | | |
|---|---|---|---|
| આળસુ | ઘર | ફરતા | સાદ |
| હતા | નારાજ | કામ | હાથલારી |
| આમ | તેમ | ફળ | સદી |


શિક્ષણનો અધિકાર
સમગ્ર શિક્ષા
સૌ ભણે, સૌ આગળ વધે

ગુજરાત શૈક્ષણિક સંશોધન અને
તાલીમ પરિષદ, ગાંધીનગર

આ સામગ્રી નિપુણ ભારત મિશન અંતર્ગત
સમગ્ર શિક્ષા, ગાંધીનગર દ્વારા
શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪માં વિનામૂલ્યે આપવામાં આવેલ છે.

# ૮

# લાલ પરી



ટ ઠ શ થ ં

શૈલી ઢીંગલી સાથે રમી રહી હતી. અચાનક એને ‘છમ-છમ’ એવો અવાજ સંભળાયો. અવાજની દિશામાં એણે જોયું તો એને સુંદર લાલ પરી જોવા મળી. એણે બૂમ પાડી : “લાલ પરી, લાલ પરી…”

સરરરર સરરરર કરતી આવી,
લાલ પરી આવી...
શૈલી પાસે આવી, હાથને લંબાવી...



શૈલી તો પરી સાથે રમવા લાગી. પરી નવાં નવાં મધુર ગીતો સંભળાવવા લાગી. શૈલી પણ પરીની સાથે ગીત ગાવા લાગી. પરી શૈલી માટે રેવડી લાવી હતી. શૈલીને રેવડી બહુ ભાવતી હતી.

રેવડી ખાવા માગતી શૈલી આગળ વધી. પણ સવાર થઈ ગઈ હતી. મમ્મીએ શૈલીને જગાડી.

પરી આવી નાચતી ગાતી,
નવાં નવેલાં ગીતો ગાતી.
મીઠી મીઠી રેવડી લાવી !
શૈલીબેનને ખૂબ ભાવી.

જગાડવાને મમ્મી આવી,
પેલી રેવડી ક્યાં ખોવાણી ?



આંખો ચોળતી એ ઊઠી. સપનું તૂટી ગયું. પરી પણ અલોપ થઈ ગઈ. શૈલીએ મમ્મીને સપનાની વાત કરી. મમ્મીએ કહ્યું : 'સાંજે હું તને રેવડી ખવડાવીશ !

શૈલીએ ઓઢી લીધો ધાબળો,
'જાગ બેટા ! થઈ સવાર!'
'મમ્મી ! મારે ખાવી રેવડી...!
તું જાગી જા, થા તૈયાર!
ઢગલો રેવડી આપીશ પછી!



| | | |
|---|---|---|
| ગાઢ | થડ | ઢોલ |
| ઢળિયો | સાંઢ | ધોરણ |
| શંકર | ખીણ | શિયાળ |
| થીગડું | સૌરભ | ભયંકર |
| ટાઢ | હોઠ | છાશ |
| દાઢ | ઢોઠ | શાક |

પંખી.
રંગબેરંગી પંખી.
આંગણે પંખી આવે છે.
શૈલેશ દાણા નાખ.
પંખી દાણા ચણે.

| | | | |
|---|---|---|---|
| શૈલી | આઠ | સવાર | ઓટી |
| હાથ | ગીતો | ધાબળો | પરી |
| મમ્મી | ઢગલો | રેવડી | પૂરાં |




આ સામગ્રી નિપુણ ભારત મિશન અંતર્ગત
સમગ્ર શિક્ષા, ગાંધીનગર દ્વારા
શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪માં વિનામૂલ્યે આપવામાં આવેલ છે.

NIPUN BHARAT

શિક્ષણનો અધિકાર

સમગ્ર શિક્ષા

સૌ ભણે, સૌ આગળ વધે

૯

# સમજુ બકરીઓ



એક નાનું ગામ. ગામ પાસે એક નદી હતી. નદી સાંકડી અને ઊંડી હતી. ચોમાસામાં એમાં ખૂબ પાણી આવતું. સામે કાંઠે જવા માટે લાકડાનો એક પુલ હતો. પુલ બહુ સાંકડો હતો. પુલને કઠેડો ન હતો તેથી તેના પરથી ખૂબ જ સાચવીને જવું પડતું.



બપોરનો સમય હતો. પુલ પર વધારે અવરજવર ન હતી. તેવામાં પુલના સામસામેના છેડેથી બે કૂતરા આવ્યા. બેઉ એકબીજા સામે ભસવા લાગ્યા. વાત વધી પડી. બેઉ એકબીજા સાથે લડવા લાગ્યા. આમ કરતાં બેઉ પુલ પરથી લપસી ગયા. બેઉ નદીના ઊંડા પાણીમાં પડી ગયા.



થોડો સમય થયો. પછીથી પુલ પર બે બકરીઓ સામસામેથી આવી. પુલની વચમાં બેઉ ભેગી થઈ. બેઉ બકરીઓ સમજુ હતી. તે કૂતરાની જેમ ઝગડી નહીં. પહેલાં એક બકરી નીચે નમીને બેસી ગઈ. બીજી બકરી તેના પરથી સાચવીને પસાર થઈ ગઈ. તે જેવી પસાર થઈ ગઈ કે બેઠેલી બકરી ઊભી થઈ - બેઉ પોતપોતાને રસ્તે ચાલતી થઈ ગઈ. કેવી સમજદાર બકરીઓ !



| | | |
|---|---|---|
| વજન | ખીચડી | છાબડી |
| આદર | રાધા | નીલમ |
| છાણ | ગૌરવ | ઠળિયો |
| માણ | યતિ | ઝરણું |
| પૌઆ | વાંદરો | ખાનું |
| કંપાસ | દાબડી | નૌકા |

ભણે છે.

ગણિત ભણે છે.

સૌરવ ગણિત ભણે છે.

ઓળે છે.

વાળ ઓળે છે.

ગૌરી વાળ ઓળે છે.

| | | |
|---|---|---|
| સાંકડી | પુલ | કઠેડો |
| બેઉ | સમજુ | ઝગડી |
| સાચવીને | પસાર | સમજદાર |

શિક્ષણનો અધિકાર
સમગ્ર શિક્ષા
સૌ ભણે, સૌ આગળ વધે

ગુજરાત શૈક્ષણિક સંશોધન અને
તાલીમ પરિષદ, ગાંધીનગર

આ સામગ્રી નિપુણ ભારત મિશન અંતર્ગત
સમગ્ર શિક્ષા, ગાંધીનગર દ્વારા
શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪માં વિનામૂલ્યે આપવામાં આવેલ છે.

NIPUN BHARAT

શિક્ષણનો અધિકાર

સમગ્ર શિક્ષા

સૌ ભણે, સૌ આગળ વધે

# ૧૦

# આ કેરી આપણી નથી



ષ ત્ર જ્ઞ

યુગ, મનીષ અને જિજ્ઞેશ ત્રણેય મિત્રો હતા. એક દિવસ તેઓ ફરવા નીકળ્યા.

ફરતાં ફરતાં ગામના મંદિરે ગયા. ચૈત્રી નવરાત્રીની આઠમનો આજે યજ્ઞ હતો. મંદિરની યજ્ઞવેદીમાં હવન થતો હતો.

મનીષને અચાનક યાદ આવ્યું. નિશાળમાં આજે જુદા જુદા આકારો વિશે ભણાવેલું. મંદિરની ધજા જોઈને એ બોલી ઊઠ્યો. અરે ! આનો આકાર તો ત્રિકોણ છે. યજ્ઞવેદીનો આકાર જોઈ કહે આ તો ચતુષ્કોણ છે. યુગ અને જિજ્ઞેશ બોલ્યા. પેલા બગીચામાં જઈએ. ત્રણેય મિત્રો બગીચામાં ગયા. બગીચાને જોઈ મનીષ બોલી ઊઠ્યો. અરે ! આ બગીચાનો આકાર તો ષટ્કોણ છે. ત્રણેય મિત્રો બગીચામાં આંબાના ઝાડ નીચે બેઠા.



યુગે ઉપર નજર કરી તો આંબા પર મોટા મોટા મરવા લટકે. કાચી કેરી જોઈ ત્રણેયના મોઢામાં પાણી આવ્યું. એટલામાં આંબા પર સળવળાટ થયો. એક વાંદરો આંબા પર બેઠો હતો. લીલાં પાનની ઘટામાં એ દેખાતો નહોતો. તેણે એક ડાળ પરથી બીજી ડાળ પર કૂદકો માર્યો. એ સાથે જ એક કાચી કેરી ઝાડની નીચે પડી. ત્રણેય મિત્રો ખુશ થઈ ગયા. કેરી જોઈને ખાવાનું મન થયું. પણ જિજ્ઞેશે કહ્યુંઃ આ કંઈ આપણો આંબો નથી. આપણાથી આ કેરી ન ખવાય. ચાલો, પેલા માળીકાકા ત્યાં છોડને પાણી પિવડાવે છે. એમને આ કેરી આપી દઈએ.

યુગ કહે, બરાબર છે, ચાલો. કેરી લઈ ત્રણેય માળીકાકા પાસે ગયા. કહે, 'લો માળીકાકા, આ કેરી વાંદરાએ પાડી છે'.



માળીકાકા કહે, 'અરે ભાઈ ! એમાં વળી મને શું આપવાની ? તમે ખાઈ જાવ !'

યુગ કહે, 'તમારી મહેનતથી આ ફળછોડ ઊછરે છે. એનાં ફળ કંઈ અમારાથી લઈ લેવાય ?'

માળીકાકા કહે,'પણ હવે તો હું તમને ખાવા આપું છું. તમે એને જરૂર ખાવ. અને હા, તમારી વાડીમાં પણ આંબા વાવો તો કેવું સારું ! તમને પણ કેરી મળે ને !' ત્રણેય મિત્રો કહે : ''હા, હા, માળીકાકા અમે જરૂર આંબા વાવીશું.''

| | | | |
|---|---|---|---|
| ઉષા | ભાષા | પ્રજ્ઞા | ત્રેવડ |
| ત્રણ | રાત્રી | દેવાંશ | મનીષા |
| જ્ઞાની | જ્ઞાતિ | પંચમ | શૈશવ |
| શત્રુ | પવિત્ર | યજ્ઞ | શૂરવીર |

| | | |
|---|---|---|
| ત્રણ | મિત્રો | યુગ |
| જિજ્ઞેશ | મનીષ | ષટ્કોણ |
| યજ્ઞવેદી | ચતુષ્કોણ | સળવળાટ |

શિક્ષણનો અધિકાર
સમગ્ર શિક્ષા
સૌ ભણે, સૌ આગળ વધે

ગુજરાત શૈક્ષણિક સંશોધન અને
તાલીમ પરિષદ, ગાંધીનગર

આ સામગ્રી નિપુણ ભારત મિશન અંતર્ગત
સમગ્ર શિક્ષા, ગાંધીનગર દ્વારા
શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪માં વિનામૂલ્યે આપવામાં આવેલ છે.

| | | |
|---|---|---|
| આવ્યા | પુસ્તક | પપ્પા |
| જગ્યા | ચોખ્ખું | અન્ય |
| રસ્તો | મચ્છર | અગત્ય |
| કાવ્ય | અરણ્ય | અધ્ધર |

અપ્પુ લસ્સી પીવે છે.
મુન્નીને શેરડી ભાવે છે.
રસ્સી એટલે દોરડું.
મારી પાસે છપ્પન રૂપિયા છે.
મમ્મી પાપડ બનાવે છે.

| | | |
|---|---|---|
| નવસારી | ગ્લાસ | કોગળા |
| મુસાફરી | બ્રશ | ડોક્ટર |
| હાથપગ | સ્વચ્છતા | પ્રાર્થના |


શિક્ષણનો અધિકાર
સમગ્ર શિક્ષા
સૌ ભણે, સૌ આગળ વધે

ગુજરાત શૈક્ષણિક સંશોધન અને
તાલીમ પરિષદ, ગાંધીનગર

આ સામગ્રી નિપુણ ભારત મિશન અંતર્ગત
સમગ્ર શિક્ષા, ગાંધીનગર દ્વારા
શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪માં વિનામૂલ્યે આપવામાં આવેલ છે.



NIPUN BHARAT

શિક્ષણનો અધિકાર
સમગ્ર શિક્ષા
સૌ ભણે, સૌ આગળ વધે


૧૧

# ઋષિનો આશ્રમ



ક્ષ શ્ર ઋ રૂ



ક્યાં ગયો મહેશ ? મારે એને સમજાવવું પડશે. સ્વચ્છતા તો રાખવી જ જોઈએ. જો આપણા શરીરની યોગ્ય સફાઈ ન રાખીએ તો માંદા પડાય!''

મહેશે કહ્યું, ''સચિનભાઈ, તમને આ બધી સમજ છે તે બહુ સારું કહેવાય.''

અરે મામી, અમારી શાળામાં ડૉક્ટર સાહેબ આવેલા. એમણે અમારી સૌની ચકાસણી કરી અને પ્રાર્થના સભામાં શરીરની સ્વચ્છતા માટે કેટલીક અગત્યની વાતો કરેલી.''

મામી કહે : ''તો તો સચિનભાઈ, તમે એ બધી જ વાતો મહેશને પણ સમજાવોને.''



સચિન મામાને ગામ નવસારી ગયો હતો. બસની મુસાફરી પછી મામાના ઘરે પહોંચ્યો.

મામી પાણીનો ગ્લાસ ભરી લાવ્યાં. સચિન કહે : ''મામી, મારે પહેલાં હાથપગ ધોવા છે. પછી પાણી પીશ.''

મામી કહે : ''અરે, સચિનભાઈ, દૂરથી આવ્યા છો તો પહેલાં પાણી પીઓ, પછી બીજી વાત.''

સચિન કહે : ''ના ના મામી. હાથ પગ તો પહેલાં ધોવા પડશે. કેમ કે, બસમાં રસ્તે ઘણી ધૂળ ઊડતી હતી.''

મામી કહે : ''અરે, સચિનભાઈ, તમે તો બહુ ચોખલિયા. આ અમારા મહેશ તો સવારે બ્રશ કર્યા વગર જ ચા પીએ છે.''

સચિન કહે : ''અરે, મહેશ એવું કરે છે ?''

''મામી એને સમજાવો કે સ્વચ્છતા રાખવી ખૂબ જરૂરી છે. જમતાં પહેલાં હાથ ધોવા જોઈએ અને જમ્યા પછી મોઢું કોગળા કરીને સાફ કરવું જ જોઈએ.''

મામી કહે : ''સચિનભાઈ, મહેશને તો નાહવાની પણ બહુ આળસ. ક્યારેક બે ત્રણ દહાડા પછી નહાય. રોજરોજ નાહવાનો પણ એને ભારે કંટાળો. સચિને કહ્યું. ''મામી, આવું તો કેમ ચાલે ?''

એક આશ્રમ હતો. તેમાં એક ઋષિ અને શિષ્યો રહેતા હતાં. એક વખત ઋષિ એક વૃક્ષ નીચે બેઠા હતા. ત્યાં અચાનક એક શિષ્ય હાથમાં કશુંક લઈને દોડતો આવ્યો, અને બોલ્યો...

ઋષિવર, આપણા આશ્રમના ઉપવનમાં આ સસલું તરફડતું હતું.

અરે ! ધોળા ધોળા રૂ જેવા આ મૂંગા સસલાને કોણે ઘાયલ કર્યું હશે ?

ઋષિ : આ સસલાને શું થયું છે ?

શિષ્ય : અરે, કોઈએ એને ઘાયલ કર્યું છે. હું એને ઔષધિ લગાડવા અહીં લાવ્યો છું.

(ઘાયલ સસલાને જોઈ ઋષિના રૂવાડા ઊભા થઈ ગયાં.)

ઋષિ શિષ્ય પાસેથી સસલું લઈ કુટિરમાં ગયાં, ત્યાં જઈ ઋષિએ ઈશ્વરને પ્રાર્થના કરી કે જેમણે આને ઘાયલ કર્યું હોય તેમને ક્ષમા કરજો. પછી ઋષિએ રૂ વડે સસલાનો ઘા સાફ કર્યો અને ઔષધિ લગાવી. થોડીવારે સસલાને કળ વળી એટલે ઋષિ પાસે રમવા લાગ્યું.

| | | |
|---|---|---|
| ક્ષત્રિય | ક્ષમા | રૂઆબ |
| શ્રમ | રૂબરૂ | ક્ષય |
| ઋષિ | શાપ | દક્ષિણ |
| વરુણ | રક્ષણ | શ્રીમાન |

દક્ષા અને રક્ષા ઋષિ પાસે ગયાં.

શ્રાવણ માસમાં વરસાદ પડે છે.

નાક સાફ કરવા માટે રૂમાલ વાપરો.

| | | |
|---|---|---|
| ઋષિવર | ઔષધિ | વિશ્રામ |
| આશ્રમ | વૃક્ષ | ક્ષમા |
| ઉપવન | પુત્ર | ઘાયલ |


શિક્ષણનો અધિકાર
સમગ્ર શિક્ષા
સૌ ભણે, સૌ આગળ વધે

ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગાંધીનગર

આ સામગ્રી નિપુણ ભારત મિશન અંતર્ગત સમગ્ર શિક્ષા, ગાંધીનગર દ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪માં વિનામૂલ્યે આપવામાં આવેલ છે.



NIPUN BHARAT

શિક્ષણનો અધિકાર
સમગ્ર શિક્ષા
સૌ ભણે, સૌ આગળ વધે


# ૧૨

# સ્વચ્છતા



NIPUN BHARAT

શિક્ષણનો અધિકાર

સમગ્ર શિક્ષા

સૌ ભણે, સૌ આગળ વધે

# ૧૩

# ચમન ચડ્ડી



ચમન ચડ્ડી રમતમાં ખૂબ હોશિયાર. કબડ્ડીની રમતમાં એ પાવરધો. રમતી વખતે એ ખાસ ચડ્ડી પહેરતો. રંગીન પટ્ટીવાળી ચડ્ડી. એટલે જ એના નામ સાથે ચડ્ડી જોડાઈ ગયું.

કબડ્ડીની રમત રમતાં પહેલાં એનું મેદાન દોરાય. એ જવાબદારી પણ ચમન ચડ્ડીની. કબડ્ડીના પાટાઓ વચ્ચેનું યોગ્ય અંતર એ ફુટપટ્ટી વડે માપીને નક્કી કરતો.

એક દિવસ મેદાનમાં સૌ છોકરાઓ બે ટુકડી પાડી કબડ્ડી રમતા હતા. ત્યાંથી પાઉંભાજીવાળો રામુ શેટ્ટી પસાર થતો હતો. છોકરાઓને રમતા જોઈ તે રમત જોવા ઊભો રહ્યો.

'કબડ્ડી કબડ્ડી' બોલતો ચમન ચડ્ડી સામે દોડયો. સામેની ટીમવાળા છોકરાઓએ ચમન ચડ્ડીને ઘેરી પકડી દબાવી દીધો. તે જોઈ રામુ શેટ્ટી બોલી ઊઠ્યો : ''છોડી દો - એની હાડકા તૂટી જશે''.

એટલામાં છોકરાઓ વચ્ચે દબાયેલો ચમન ચડ્ડી જોશભેર 'કબડ્ડી-કબડ્ડી' બોલતો આવ્યો અને બે છોકરાઓએ એના પગ પકડી રાખ્યા હતા તેને ઘસડીને પાછો પોતાની ટીમમાં આવી ગયો.

સૌ બોલી ઊઠ્યા.

“વાહ ! ચમન ચડ્ડી ઝિંદાબાદ” રામુ શેટ્ટી તો અવાચક, “અરે, આ ચમન ચડ્ડી તો ખરો ખેલાડી !”



| | | |
|---|---|---|
| ભટ્ટ | કબડ્ડી | અક્કલ |
| લજ્જા | વિદ્યા | બાહ્ય |
| ભઠ્ઠી | નફ્ફટ | મુઠ્ઠી |
| શક્કરિયું | કહ્યું | પટ્ટી |

આ નળને પક્કડ વડે ખોલવો પડશે.

દાદીને ચક્કર આવે છે.

મારો ભાઈ છઠ્ઠા ધોરણમાં ભણે છે.

ભોળા ભટ્ટ, લાડુ કરે ચટ્ટ.

સૈનિકો સજ્જ થાય છે.

| | | |
|---|---|---|
| રંગીન | મેદાન | અવાચક |
| કબડ્ડી | ફુટપટ્ટી | ખેલાડી |
| પાવરધો | ટુકડી | ઝિંદાબાદ |

શિક્ષણનો અધિકાર
સમગ્ર શિક્ષા
સૌ ભણે, સૌ આગળ વધે

ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગાંધીનગર

આ સામગ્રી નિપુણ ભારત મિશન અંતર્ગત સમગ્ર શિક્ષા, ગાંધીનગર દ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪માં વિનામૂલ્યે આપવામાં આવેલ છે.

NIPUN BHARAT

શિક્ષણનો અધિકાર
સમગ્ર શિક્ષા
સૌ ભણે, સૌ આગળ વધે

# ૧૪

# રસ્તાનો પથ્થર



અલ્કેશ મસ્તીથી ગીત ગણગણતો રસ્તાની આજુબાજુ જોતો જોતો ચાલતો હતો. ત્યાં રસ્તામાં પડેલા પથ્થર સાથે એનો પગ અથડાયો. પગમાંથી લોહી નીકળવા લાગ્યું.

થોડીવાર પછી સંસ્કૃતના શ્લોક બોલતાં બોલતાં પંડિતજી પણ રસ્તા પર ચાલતા આવ્યા. એમનું ધ્યાન પણ રસ્તા પર પડેલા પથ્થર પર નહોતું. એટલે એમને પણ પથ્થરની ઠોકર લાગી. એમના પગમાંથી પણ લોહી નીકળ્યું. પંડિતજી બોલી ઊઠ્યા. ‘‘અરે ! આ તો લોહી પણ નીકળ્યું છે.’’

પુસ્તકોની થપ્પી લઈને કલ્પના આવે છે. એની નજર રસ્તાના પથ્થર પર પડે છે. તે પુસ્તકોની થપ્પી બાજુમાં મૂકે છે. અને રસ્તાના પડેલા પથ્થરને ખસેડવા માંડે છે પણ પથ્થર વજનદાર છે. કલ્પનાથી ખસેડાતો નથી.

નિશાળેથી પાછા ફરતાં અબ્દુલ, સ્મિત અને સ્નેહા રસ્તા પરથી પસાર થતાં હોય છે, ત્યાં પથ્થર ખસેડતી કલ્પનાને જોઈ એની મદદે પહોંચે છે. ચારે જણાં ભેગાં મળી પથ્થરને ખસેડી નાંખે છે.



| | | |
|---|---|---|
| પુષ્કળ | ઈશ્વર | કલ્પના |
| કચ્છ | સરસ્વતી | શબ્દ |
| સ્ટેશન | ભાસ્કર | અંજના |
| રાજસ્થાન | સ્નેહ | ન્યાય |

પ્યાજ એટલે ડુંગળી.

વસ્ત્ર એટલે કપડાં.

પપ્પાએ ગ્લાસ ભરીને દૂધ આપ્યું.

શેરડીનો રસ ગળ્યો લાગે છે.

પંખીઓ માટે ચોકમાં દાણા નાખ્યા છે.

| | | |
|---|---|---|
| પથ્થર | પંડિતજી | અબ્દુલ |
| સંસ્કૃત | પસ્તી | વજનદાર |
| શ્લોક | કલ્પના | સ્મિત |

શિક્ષણનો અધિકાર
સમગ્ર શિક્ષા
સૌ ભણે, સૌ આગળ વધે

ગુજરાત શૈક્ષણિક સંશોધન અને
તાલીમ પરિષદ, ગાંધીનગર

આ સામગ્રી નિપુણ ભારત મિશન અંતર્ગત
સમગ્ર શિક્ષા, ગાંધીનગર દ્વારા
શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪માં વિનામૂલ્યે આપવામાં આવેલ છે.

NIPUN BHARAT

શિક્ષણનો અધિકાર

સમગ્ર શિક્ષા

સૌ ભણે. સૌ આગળ વધે

# ૧૫

# નિઃસ્વાર્થ મિત્રતા



વિક્રમ વાઘ અને સાર્થક ચિત્તો બન્ને મિત્રો છે. સાર્થકને વિક્રમ સાથે રમવું-રહેવું ખૂબ ગમે. વિક્રમને પણ સાર્થક વિના જરાયે ન ગમે. સૌ વિક્રમ અને સાર્થકની દોસ્તીને ખૂબ વખાણતા. કેટલાક તો કહેતા પણ ખરા કે ''વિક્રમ-સાર્થકની જોડી, એને કોઈ શકે ના તોડી''.

સાર્થક ચિત્તો દોડવામાં ખૂબ ઝડપી - વિક્રમ વાઘ જંગલમાં સૌથી બળવાન. જંગલમાં બધાં પ્રાણીઓ સાર્થક-વિક્રમની જ વાત માને. જાણે સાર્થક અને વિક્રમ જ જંગલના રાજા. જંગલમાં સાથે જ ફરવા જાય. પાર્થ વરુ ક્યારેક ક્યારેક એમની સાથે જંગલમાં ભેગો થતો.

એકવાર પાર્થ વરુના મનમાં થયું કે આ બે મિત્રોની પાક્કી દોસ્તી તૂટે તો જંગલમાં મારું સ્થાન બને. જ્યાં સુધી વિક્રમ અને સાર્થકની દોસ્તી છે ત્યાં સુધી કોઈ મારી વાત માનશે નહીં. કોઈ મને 'સરદાર' માનશે નહીં.

પાર્થ વરુએ સાર્થક અને વિક્રમની પાકી દોસ્તી તોડવાનો પાકો નિર્ધાર કર્યો.

આમ કરવા માટે તેણે એક યુક્તિ વિચારી. તેણે સાર્થક અને વિક્રમને સિંહાસનવાળી ગુફા બતાવવાનું વિચાર્યું. આ ગુફા થોડા દિવસ પહેલાં જ પાર્થ વરુએ જોઈ હતી. ગુફામાં એક સિંહાસન હતું.

પાર્થ વરુએ સાર્થક અને વિક્રમને ઉજાણી કરવા માટે આમંત્રણ આપતાં કહ્યું, ‘‘ચાલો, તમને સાવ નવી જગ્યાએ ફરવા લઈ જાઉં.’’

ત્રણેય જણ ગુફામાં પહોંચ્યાં. ત્યાં એક સોનેરી સિંહાસન હતું.

પાર્થ વરુ કહે : ‘‘હવે આ સિંહાસન તો એક છે. તમે બે મિત્રો છો. રાજા કોણ બનશે તે તમે નક્કી કરો.’’



સાર્થક અને વિક્રમ એકબીજા સામે જુએ છે,મંત્રણા કરે છે ને બન્ને તરત જ સિંહાસન પર તરાપ મારે છે. આંખના પલકારામાં સિંહાસનના ટુકડે ટુકડા કરી નાંખે છે.

પાર્થ વરુ જોતો જ રહે છે. એને આશ્ચર્ય થાય છે.

તૂટેલા સિંહાસન પાસે ઊભેલા સાર્થક અને વિક્રમ કહે છે : ‘‘અમારે રાજા બનવું નથી. અમારે તો માત્ર મિત્ર જ બની રહેવું છે. એક સિંહાસન પર બેસી રાજા બનવા માટે લડી મરીએ એવા અમે સ્વાર્થી દોસ્તો નથી.’’

| | | |
|---|---|---|
| હર્ષા | ઋતુ | રૂપિયા |
| પ્રજા | અર્જુન | ક્રિયા |
| કૃપા | મહારાષ્ટ્ર | વિનમ્ર |
| ધર્મ | દ્રાક્ષ | પૂર્વ |
| અમૃત | નક્ષત્ર | ચંદ્ર |

| | | |
|---|---|---|
| વાઘ | બળવાન | મંત્રણા |
| ચિત્તો | સિંહાસન | આશ્ચર્ય |
| દોસ્તી | આમંત્રણ | સાર્થક |

NIPUN BHARAT

શિક્ષણનો અધિકાર

સમગ્ર શિક્ષા

સૌ ભણે..સૌ આગળ વધે

# ૧૬

# રુઆબદાર છોકરો



રાજાએ સિપાઈઓને આદેશ આપ્યો કે એ બહાદુર છોકરાને માનભેર કચેરીમાં લઈ આવો.

સિપાઈઓ છોકરાને લેવા ઉપડ્યા પણ વિચારતા હતા કે : 'રાજાજી, આ છોકરાને કેમ આટલું બધું માન આપે છે ? શું એ છોકરો ઈમાનદાર હશે ? કે પછી એણે કંઈ બહાદુરીવાળું કામ કર્યું હશે ?'

છોકરાને શોધતા સિપાઈઓ એના ઘરે પહોંચ્યા. ત્યાં જઈ રુઆબભેર પૂછ્યું. ''ક્યાં છે છોકરો ? એને રાજાજી દરબારમાં બોલાવે છે.''

છોકારાની માએ ઘરમાંથી બહાર આવી, સિપાઈઓને અદબપૂર્વક કહ્યું, ''એ તો ગાયો ચરાવવા વગડામાં ગયો છે.'' સિપાઈ છોકરાને શોધતા વગડામાં પહોંચ્યા.

ત્યાં એક ઊંચા ટેકરા પર ચાર પાંચ ગોવાળિયાની વચ્ચે એક છોકરો દમામભેર ઊભો હતો.

છોકરો નીડરતાપૂર્વક કહે : હું હમણાં આવું તો મારી ગાયોનું ધ્યાન કોણ રાખશે ? સિપાઈઓ છોકરાની વાત સાંભળી મૂંઝાયા. રાજાજીનો હુકમ હતો કે છોકરાને માનભેર લઈ આવવો અને આ તો આવવાની ના પાડે છે !



## વાંચો :

૧. દિવસે સૂર્ય અને રાત્રે ચંદ્ર દેખાય છે.

૨. શિયાળામાં ઠંડી અને ઉનાળામાં ગરમી લાગે છે.

૩. ઝઘડવું ઓછું, હસવું વધારે.

૪. રમેશ જાડો અને કેતન પાતળો છે.

૫. સવારે કસરત કરીએ અને સાંજે રમીએ.

| | |
|---|---|
| પવિત્ર – અપવિત્ર | હાજર – ગેરહાજર |
| સત્ય – અસત્ય | લાભ – ગેરલાભ |
| ન્યાય – અન્યાય | સમજ – ગેરસમજ |
| વિવેક – અવિવેક | ફાયદો – ગેરફાયદો |

| | | |
|---|---|---|
| સિપાઈ | ઈમાનદાર | ધ્યાન |
| આદેશ | રુઆબદાર | હુકમ |
| બહાદુર | અદબપૂર્વક | રાજાજી |



આ સામગ્રી નિપુણ ભારત મિશન અંતર્ગત
સમગ્ર શિક્ષા, ગાંધીનગર દ્વારા શૈક્ષણિક
વર્ષ ૨૦૨૩-૨૪માં વિના મૂલ્યે આપવામાં આવેલ છે.

NIPUN BHARAT

શિક્ષણનો અધિકાર

સમગ્ર શિક્ષા

સૌ ભણે.સૌ આગળ વધે

# ૧૭

# હળી-મળીને રહીએ



બાળકો બગીચામાં દડા વડે રમી રહ્યાં છે. નજીકના બાંકડા પર એક દાદાજી અને દાદીમા બેઠાં છે.

દડો ઝીલવાની રમત રમતાં બાળકોનો દડો દાદા-દાદીના બાંકડા પાસે જઈ પડે છે. કુશલ દોડતો દોડતો દડો લેવા બાંકડા પાસે પહોંચે છે અને દડો લઈ દાદા-દાદી પાસે જઈ માફી માગતાં કહે છે : ''માફ કરજો, દાદાજી, હવે દડો આ તરફ નહીં આવે અમે રમત બંધ કરીએ છીએ.''

દાદાજી : ''અરે ભાઈ, તમે રમત છોડીને કેમ જાઓ છો ? આવો, આવો, અહીં જ રમો.''

કુશલ : ''દાદાજી, અહીં દડો રમીએ અને દડો તમને કે બીજા કોઈને વાગી જાય તો ?''

દાદાજી : ''તારી વાત સાચી. ચાલ, તો અમે બીજે બેસીએ.''

કુશલ : ''ના રે ના દાદાજી, તમે વડીલ છો તમારે એવી તકલીફ લેવાની જરૂર નથી.''

બીજાં બાળકો પણ દાદા-દાદીના બાંકડા પાસે આવી ગયાં.

દાદીમા : ''દીકરાઓ તમે અહીં રોજ રમવા આવો છો ?''

બાળકો : ''રોજ તો નહીં પણ દર રવિવારે.''

દાદીમા : ''શું તમને રમવાનો સમય મળે છે ?''

બાળકો : ''ના દાદીમા, પણ તોય રમવું તો પડે જ ને ?''

દાદા : ''જરૂર... રમવું પડે.''

કુશલ : ‘‘પણ દાદાજી, અમારાં મમ્મી - પપ્પા તો અમને ભણવાનું ને વાંચવાનું જ કહ્યા કરે છે.’’

દાદી : ‘‘એ પણ જરૂરી તો છે જ ને ભાઈ ’’

દાદા : ‘‘અમે તો તમને વાતે વળગાડી દીધાં, તમે રમો.’’

બાળકો : ‘‘દાદાજી,અમને તો તમારી સાથે વાત કરવાનું પણ ખૂબ ગમે છે.’’

દાદાજી : ‘‘તો આવો બધાં. આપણે વાતો કરીએ.’’

દાદાજી : ‘‘ચાલો, આપણે એક નવી રમત રમીએ ?’’

બધાં બાળકો : ‘‘હા દાદાજી હા.’’

દાદાજી : ‘‘આ આપણા પરિચયની રમત છે.’’



કુશલ : ''એ વળી કેવી રમત ?''

દાદાજી : ''સમજાવું. જુઓ આ રમતમાં દરેકે પોતાનું નામ કહેવું, એનો અર્થ કહેવો અને ભાવતી વાનગીનું નામ કહેવું.''

બાળકો : '' એ વળી કેવી રીતે ?''

દાદી : ''ચાલો હું તમને સમજાવું.''

જુઓ, મારું નામ છે કોકિલા. કોકિલા એટલે કોયલ અને મને ભાવે છે કાજુકતરી.''

બાળકો : વાહ ! આ તો નવી રમત !''

દાદાજી : ''હવે આને રમત બનાવીએ. તમારી પાસે દડો છે. એ એકબીજાને આપતા રહો. હું 'સ્ટોપ' કહું ત્યારે દડો જેના હાથમાં હોય તે પોતાનો પરિચય આપશે.''

વાહ ! આ તો નવી રમત !

હવે, કહો તો...

૧. બાળકો ક્યાં રમી રહ્યાં છે ?

૨. બાળકો બગીચામાં રમવા ક્યારે આવે છે ?

૩. કોકિલા એટલે શું ?

૪. બાળકોને નવી રમત કોણ રમાડે છે ?

૫. કુશલે કેમ માફી માગી ?

# ૧૮

# ઝાડનેય જીવ હોય છે



વસ્તાભાઈ છૂટક મજૂરી કરતા હતા. એકવાર એમને લાકડાના વેપારી સાથે મુલાકાત થઈ. વેપારીએ વસ્તાભાઈને જંગલમાંથી લાકડાં કાપી લાવવાનું કામ સોંપ્યું.

વસ્તાભાઈ ખુશ-ખુશ થતા જંગલમાં ઊપડ્યા. હાશ ! આજે તો સારી મજૂરી મળશે. મારાં બાળકો હવે ભૂખે નહિ મરે !

વસ્તાભાઈએ એક ઝાડ પસંદ કર્યું. ઝાડ પર એણે કુહાડી ઉગામી. ત્યાં જ ઝાડ બોલ્યું: 'ભલા માણસ, મેં તારું શું બગાડ્યું છે ? મારો શા માટે વધ કરે છે ?'

વસ્તાભાઈ વિચારે એ પહેલાં ઝાડ પરથી બેચાર પંખી ઊડ્યાં... વસ્તાભાઈને થયું, 'ઝાડ કાપવાથી જંગલ વેરાન થશે, વરસાદ આવતો અટકી જશે, દુષ્કાળ પડશે.' વસ્તાભાઈએ ઝાડ નહિ કાપવાનું નક્કી કર્યું.





## વાંચો.

૧. સિંહ અને સિંહણ જંગલમાં રહે છે.

૨. માતા-પિતાને વંદન કરીએ.

૩. મોર અને ઢેલ ચણે છે.

૪. રાજા અને રાણી મહેલમાં રહે છે.

૫. તમે ચકો અને ચકીની વાર્તા સાંભળો.

| સમાનાર્થી શબ્દો | | | વિરુદ્ધાર્થી શબ્દો | | |
|---|---|---|---|---|---|
| માતા | - | મા | અંદર | - | બહાર |
| વંદન | - | નમન | રડવું | - | હસવું |
| પંખી | - | પક્ષી | આવવું | - | જવું |
| વૃક્ષ | - | ઝાડ | નજીક | - | દૂર |
| બીક | - | ડર | નાનું | - | મોટું |

| | | |
|---|---|---|
| છૂટક | જંગલ | પંખી |
| મજૂરી | કુહાડી | દુષ્કાળ |
| વેપારી | ઝાડ | વેરાન |

શિક્ષણનો અધિકાર
સમગ્ર શિક્ષા
સૌ ભણે.સૌ આગળ વધે

ગુજરાત પ્રારંભિક શિક્ષણ પરિષદ
સેક્ટર-૧૭, ગાંધીનગર

આ સામગ્રી નિપુણ ભારત મિશન અંતર્ગત સમગ્ર શિક્ષા, ગાંધીનગર દ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪માં વિના મૂલ્યે આપવામાં આવેલ છે.

NIPUN BHARAT

શિક્ષણનો અધિકાર

સમગ્ર શિક્ષા

સૌ ભણે, સૌ આગળ વધે

# ૧૯

# પહેલાં અમે



પહાડી વિસ્તારનું આ ગામ છે. ગામના લોકોએ ગામની આસપાસના જંગલને જાળવી રાખ્યું છે. ખૂબ બધાં વૃક્ષો ઉગાડયાં છે.

ગામના માણસો વૃક્ષો વાવતા, એને જાળવતા, અને નવાં નવાં વૃક્ષો ઉછેરતા.

દાદાજી : ‘‘અરે બેટા,વૃક્ષો તો આપણને ખૂબ ઉપયોગી છે. એનું લાકડું, એનાં પાન, એનાં ફળ, એનાં ફૂલ, એનો ગુંદર, બધું ખૂબ જ કામનું.’’

બાળક : ‘‘પણ દાદાજી આટલાં બધાં ઝાડ તો છે.’’

દાદાજી : ‘‘અરે બેટા, જેટલાં ઝાડ વધારે એટલો વરસાદ વધારે આવે. હવા ચોખ્ખી રહે.’’

એક માણસ બૂમો પાડતો દોડતો આવે છે. ‘‘દોડો, દોડો, કઠિયારાઓ ઝાડ કાપવા આવ્યા છે.’’

માણસની બૂમો સાંભળી ગામના બધા લોકો ઘર બહાર નીકળી જંગલ તરફ દોડતા જાય છે.

સૌ ગ્રામજનો જંગલમાં પહોંચે છે. કઠિયારાઓ જે ઝાડને કાપવા તૈયાર છે, તે ઝાડને વળગીને ઊભા રહી જાય છે. થડની સાથે ચોંટીને ઊભેલા માણસોને લીધે હવે કઠિયારા વૃક્ષ પર ઘા કરી શકતા નથી.

ગ્રામજનો એમને કહે છે : ‘‘ઝાડને પછી કાપો.પહેલાં અમે, પછી ઝાડ.’’ કઠિયારા નિરાશ વદને પાછા ફરે છે.



## વાંચો :

૧. ફૂલને પુષ્પ પણ કહે છે.

૨. સફેદ એટલે જ ધોળું.

૩. પંખીને પક્ષી પણ કહેવાય.

૪. બીક એટલે જ ડર.

૫. પ્રકાશને અજવાળું પણ કહેવાય.

---

ગીત – ગીતકાર

ચિત્ર – ચિત્રકાર

આગ – આગગાડી

માલ – માલગાડી

પૈસા – પૈસાદાર

વજન – વજનદાર

| | | |
|---|---|---|
| વિસ્તાર | ગુંદર | કઠિયારો |
| જંગલ | ચોખ્ખી | વૃક્ષ |
| ઉપયોગી | ગ્રામજનો | નિરાશ |



આ સામગ્રી નિપુણ ભારત મિશન અંતર્ગત સમગ્ર શિક્ષા, ગાંધીનગર દ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪માં વિના મૂલ્યે આપવામાં આવેલ છે.

## ૨૦

# નીલી




નીલી નામની એક છોકરી હતી.


બગીચામાં પરીને જોઈને નીલની તો
મનથી તેઓની બહેનપણી બની ગઈ.

નીલ કહે છે ચાલો આપણે રમીએ.
પહેલી પરી : ‘‘અમે તારી સાથે રમીએ ? જા જા.’’
બીજી પરી : ‘‘અમે તો પાંખોવાળી કેવી સુંદર છીએ ?’’




નીલી મોરને પુછે છે, “હું સુંદર નથી ?”
મોર કહે છે, “તૂં સુંદર જ છે.”


એક પરી કહે : “આજની ગરમી
સહન થતી નથી.”


પરીઓ બેભાન બની ગઈ, નીલી ગભરાઈ ગઈ.
નીલી : ‘‘લાવ એમને પાણી છાંટું.’’


થોડીવારમાં બધી પરીઓ ભાનમાં આવી ગઈ.

પરીઓ નીલી પાસે જઈ કહેવા લાગી,
‘‘આજથી આપણે સહુ મિત્રો. ચાલો સાથે મળીને રમીએ.’’



કાગડાની કરામત • વરસાદ • સપનામાં સપનું • રંગબેરંગી દડો
ફુગ્ગા • ખોવાયેલો દડો • જાંબુ ખાધાં • ચકીબેનને કાંટો વાગ્યો
ચપટી • ચકલાભાઈની જાન • વાંદરાભાઈને આંખો આવી • **નીલી**
નાનાની મોટાઈ • મરચાભાઈની ગાડી • મારું ઘર • ઊંટ કહે
ભોલુ • ચિત્ર ચોપાટ • કેરી • વેશભૂષા
વાંદારાભાઈનું પરાક્રમ • દરિયાની મોજ • લાખો વણઝારો • સાચી દોસ્તી
હાથીભાઈ રંગાયા • મદારી





શિક્ષણનો અધિકાર
સમગ્ર શિક્ષા
સૌ ભણે, સૌ આગળ વધે

ગુજરાત શૈક્ષણિક સંશોધન અને
તાલીમ પરિષદ, ગાંધીનગર

આ સામગ્રી નિપુણ ભારત મિશન અંતર્ગત
સમગ્ર શિક્ષા, ગાંધીનગર દ્વારા
શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪માં વિનામૂલ્યે આપવામાં આવેલ છે.

NIPUN BHARAT

શિક્ષણનો અધિકાર

૨૧

# ઊંટ કહે



GCERT

unicef


ઊંટ કહે


કૂતરા તારી પૂંછડી વાંકી.


ભેંસ તારાં શીંગડાં વાંકાં.


વાઘ તારા નખ વાંકા.


પોપટ તારી ચાંચ વાંકી.


બગલા તારી ડોક વાંકી.


હાથી તારી સૂંઢ વાંકી.


બીજાનાં તો
એક-એક વાંકાં,
આપનાં અઢાર વાંકાં !

કાગડાની કરામત • વરસાદ • સપનામાં સપનું • રંગબેરંગી દડો
ફુગ્ગા • ખોવાયેલો દડો • જાંબુ ખાધાં • ચકીબેનને કાંટો વાગ્યો
ચપટી • ચકલાભાઈની જાન • વાંદરાભાઈને આંખો આવી • નીલી
નાનાની મોટાઈ • મરચાભાઈની ગાડી • મારું ઘર • **ઊંટ કહે**
ભોલુ • ચિત્ર ચોપાટ • કેરી • વેશભૂષા
વાંદારાભાઈનું પરાક્રમ • દરિયાની મોજ • લાખો વણઝારો • સાચી દોસ્તી
હાથીભાઈ રંગાયા • મદારી




શિક્ષણનો અધિકાર
સમગ્ર શિક્ષા
સૌ ભણે, સૌ આગળ વધે

ગુજરાત શૈક્ષણિક સંશોધન અને
તાલીમ પરિષદ, ગાંધીનગર

આ સામગ્રી નિપુણ ભારત મિશન અંતર્ગત
સમગ્ર શિક્ષા, ગાંધીનગર દ્વારા
શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪માં વિનામૂલ્યે આપવામાં આવેલ છે.

NIPUN BHARAT

શિક્ષણનો અધિકાર
સમગ્ર શિક્ષા
સૌ ભણે, સૌ આગળ વધે

૨૨

# હાથીભાઈ રંગાયા



GCERT

unicef

એક હતા સસલાભાઈ.
સસલાભાઈને ચિત્ર દોરવાં ખૂબજ ગમે,
જાત-જાતનાં ચિત્ર દોરી રંગ પૂરે.
હાથીભાઈ રોજ સસલાભાઈને જોવે.





હાથીભાઈને થાય કે જો સસલાભાઈ મને
રંગી દે તો હું સુંદર રૂપાળો થઈ જાઉં.


તમે તો સરસ રંગકામ કરો છો. મને પણ રંગોને.
સસલાભાઈ હાથીભાઈને રંગવા વિચારવા લાગ્યા.



સસલાભાઈ તો ખુશ થઈને રંગવા લાગ્યા.

હાથીભાઈ દર્પણમાં જોઈને
નવા રૂપરંગમાં ખુશ-ખુશ થઈ ગયા.





એટલામાં અચાનક વરસાદ આવ્યો.
હાથીભાઈનો રંગ ઉતરવા લાગ્યો.



હાથીભાઈ દર્પણમાં જોઈ નિરાશ થઈ ગયા.




ફરી હાથીભાઈ મનમાં મલકાયા...

કાગડાની કરામત • વરસાદ • સપનામાં સપનું • રંગબેરંગી દડો

ફુગ્ગા • ખોવાયેલો દડો • જાંબુ ખાધાં • ચકીબેનને કાંટો વાગ્યો

ચપટી • ચકલાભાઈની જાન • વાંદરાભાઈને આંખો આવી • નીલી

નાનાની મોટાઈ • મરચાભાઈની ગાડી • મારું ઘર • ઊંટ કહે

ભોલુ • ચિત્ર ચોપાટ • કેરી • વેશભૂષા

વાંદરાભાઈનું પરાક્રમ • દરિયાની મોજ • લાખો વણઝારો • સાચી દોસ્તી

**હાથીભાઈ રંગાયા** • મદારી



શિક્ષણનો અધિકાર
સમગ્ર શિક્ષા
સૌ ભણે, સૌ આગળ વધે

ગુજરાત શૈક્ષણિક સંશોધન અને
તાલીમ પરિષદ, ગાંધીનગર

આ સામગ્રી નિપુણ ભારત મિશન અંતર્ગત
સમગ્ર શિક્ષા, ગાંધીનગર દ્વારા
શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪માં વિનામૂલ્યે આપવામાં આવેલ છે.

૨૩

# જાંબુ ખાધાં



GCERT

unicef


જાંબુ જોઈ સસલાને
ખાવાનું મન થયું.


ઘણા કુદકા મારી જોયા...

સસલું વિચારવા માંડ્યું, ''જાંબુ કેવી રીતે ખાવાં ?'' સરકસના જોકરની જેમ વાંસ બાંધવા વિચાર કર્યો.




સસલુ વાંસ
લેવા ચાલ્યું.


બે લાંબા વાંસ કાપ્યા.


સસલાએ પગે
વાંસ બાંધ્યા.


વાંસ પર સસલું ઉંચુ
થયું. જાંબુ તોડયાં.


જાંબુ ખાઈને
સસલું રાજી થયું.

કાગડાની કરામત • વરસાદ • સપનામાં સપનું • રંગબેરંગી દડો

ફુગ્ગા • ખોવાયેલો દડો • **જાંબુ ખાધાં** • ચકીબેનને કાંટો વાગ્યો

ચપટી • ચકલાભાઈની જાન • વાંદરાભાઈને આંખો આવી • નીલી

નાનાની મોટાઈ • મરચાભાઈની ગાડી • મારું ઘર • ઊંટ કહે

ભોલુ • ચિત્ર ચોપાટ • કેરી • વેશભૂષા

વાંદારાભાઈનું પરાક્રમ • દરિયાની મોજ • લાખો વણઝારો • સાચી દોસ્તી

હાથીભાઈ રંગાયા • મદારી



શિક્ષણનો અધિકાર

સમગ્ર શિક્ષા
સૌ ભણે, સૌ આગળ વધે


ગુજરાત શૈક્ષણિક સંશોધન અને
તાલીમ પરિષદ, ગાંધીનગર

આ સામગ્રી નિપુણ ભારત મિશન અંતર્ગત
સમગ્ર શિક્ષા, ગાંધીનગર દ્વારા
શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪માં વિનામૂલ્યે આપવામાં આવેલ છે.

NIPUN BHARAT

૨૪

# કેરી



GCERT

unicef



કેરી



કાચી કેરી



કાચી કેરી, ખાટી કેરી



પીળી કેરી



પીળી કેરી, પાકી કેરી



પીળી કેરી, મીઠી કેરી



# કેરી ખવાય, કેરી પીવાય



કેરી ફળનો રાજા

કાગડાની કરામત • વરસાદ • સપનામાં સપનું • રંગબેરંગી દડો
ફુગ્ગા • ખોવાયેલો દડો • જાંબુ ખાધાં • ચકીબેનને કાંટો વાગ્યો
ચપટી • ચકલાભાઈની જાન • વાંદરાભાઈને આંખો આવી • નીલી
નાનાની મોટાઈ • મરચાભાઈની ગાડી • મારું ઘર • ઊંટ કહે
ભોલુ • ચિત્ર ચોપાટ • **કેરી** • વેશભૂષા
વાંદારાભાઈનું પરાક્રમ • દરિયાની મોજ • લાખો વણઝારો • સાચી દોસ્તી
હાથીભાઈ રંગાયા • મદારી



શિક્ષણનો અધિકાર
સમગ્ર શિક્ષા
સૌ ભણે, સૌ આગળ વધે

1962 - 2012
ગુજરાત શૈક્ષણિક સંશોધન અને
તાલીમ પરિષદ, ગાંધીનગર

આ સામગ્રી નિપુણ ભારત મિશન અંતર્ગત
સમગ્ર શિક્ષા, ગાંધીનગર દ્વારા
શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪માં વિનામૂલ્યે આપવામાં આવેલ છે.